કા.સ.ઠ.નં. – ૨૧૪/ તા.:૧૫–૧૦–૨૦૧૮.

———————————————————————————————————————————

કામ નં.–૧.

વિષયઃ– વલસાડ નગરપાલિકા–વલસાડનો સને– ૨૦૧૭–૨૦૧૮ નો તા.: ૦૧ / ૦૪ /૨૦૧૭ થી તા.: ૩૧ / ૦૩ /૨૦૧૮ સુધીનો બાર–માસીક હિસાબ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા–વલસાડનો સને– ૨૦૧૭–૨૦૧૮ નો તા.: ૦૧ / ૦૪ /૨૦૧૭ થી તા.: ૩૧ / ૦૩ /૨૦૧૮ સુધીનો બાર–માસીક હિસાબ મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

.

કા.સ.ઠ.નં. – ૨૧૫ / તા.:૧૫–૧૦–૨૦૧૮.

---

<u>કામ નં.–૨.</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકા–વલસાડનો સને– ૨૦૧૮–૨૦૧૯ નો તા.: ૦૧ / ૦૪ /૨૦૧૮ થી તા.: ૩૦ / ૦૬ /૨૦૧૮ સુધીનો ત્રી–માસીક હિસાબ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા–વલસાડનો સને– ૨૦૧૮–૨૦૧૯ નો તા.: ૦૧ / ૦૪ /૨૦૧૮ થી તા.: ૩૦ / ૦૬ /૨૦૧૮ સુધીનો ત્રી–માસીક હિસાબ મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

.

કા.સ.ઠ.નં. – ૨૧૬/ તા.:૧૫–૧૦–૨૦૧૮.

---

<u>કામ નં.–૩.</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકા, વલસાડના મોગરાવાડી ઝોનમાં આરોગ્ય શાખામાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા હંગામી કામદાર શ્રી લલ્લુભાઈ ડાહયાભાઈ રાઠોડ, તા.:૩૦/૯/૨૦૧૫ ના રોજ નિવૃત થયેલ હોય, તેઓને ઔદ્યોગીક એકટ મુજબ ગ્રેજયુઈટીની રકમ રૂા.૧,૩૬,૦૫૦/–ચુકવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, એકાઉન્ટન્ટશ્રી, ઈન્ટરનલ ઓડીટરશ્રી તથા ચીફ ઓફીસરશ્રીનો રીપોર્ટ વંચાણે લીધો. વલસાડ નગરપાલિકા, વલસાડના મોગરાવાડી ઝોન વિસ્તારમાં આરોગ્ય શાખામાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા હંગામી કામદાર શ્રી લલ્લુભાઈ ડાહયાભાઈ રાઠોડ, તા.:૩૦/૯/૨૦૧૫ ના રોજ વયમર્યાદાને કારણે નિવૃત થયેલ હતા. તેઓની હંગામી કર્મચારી તરીકેની નોકરીનો કુલ સમયગાળો ૨૫–વર્ષ થાય છે. જે હકીકતો ધ્યાને લઈ, તેઓને ઔદ્યોગીક એકટ મુજબ ગ્રેજયુઈટીની રકમ રૂા.૧,૩૬,૦૫૦/– ચુકવવા અંગેની જરૂરી નિયમોનુસાર આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ. મંજુર..

કા.સ.ઠ.નં. – ૨૧૭/  તા.:૧૫–૧૦–૨૦૧૮.

---

કામ નં.–૪.

વિષયઃ– વલસાડ  નગરપાલિકા, વલસાડના વારીગૃહ શાખામાં વાલ્વમેન તરીકે ફરજ બજાવતા કર્મચારીશ્રી ધીરૂભાઈ કાળીદાસ પટેલ, તા.ઃ૩૦/૪/૧૮ ના રોજ સ્વૈચ્છીક  નિવૃત થયેલ હોય, તેઓની ગ્રેજયુઈટી, રૂપાંતરીત પેન્શન, ચુકવવા અંગે  જરૂરી નિર્ણય થવા  બાબત..

ઠરાવ.ઃ–

એકાઉન્ટન્ટશ્રી  તેમજ ચીફઓફીસરશ્રીની રીમાર્કસ અન્વયેનો રીપોર્ટ વંચાણે લીધો. વલસાડ નગરપાલિકા, વલસાડના વારીગૃહ શાખામાં વાલ્વમેન તરીકે ફરજ બજાવતા કર્મચારીશ્રી ધીરૂભાઈ કાળીદાસ પટેલ, તા.ઃ૩૦/૪/૧૮ ના રોજ સ્વૈચ્છીક  નિવૃત થયેલ હોય, તેમની નિવૃત્તી  બાદ  તેઓની નિયમોનુસાર નીકળતી  ગ્રેજયુઈટી, રૂપાંતરીત પેન્શન, ચુકવવા અંગે  જરૂરી નિયમોનુસાર કાર્યવાહી કરી, નીચે જણાવ્યા મુજબની રકમ ચુકવવા અંગેની જરૂરી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

૧. ગ્રેજયુઈટી                રૂા. ૪ ,૦૬,૭૬૭/–

૨. રૂપાંતરીત પેન્શન      રૂા. ૨,૨૫,૪૦૭/–

૩. પેન્શન                  રૂા. ૫૫૬૦/–  + મળતા અન્ય ભથ્થાઓ.

સ.મ. મંજુર..

કા.સ.ઠ.નં. ૨૧૮ / તા.:૧૫–૧૦–૨૦૧૮.

---

<u>કામ નં.–૫.</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકા, વલસાડના સીધાવેરા શાખામાં કલાર્ક તરીકે ફરજ બજાવતા કર્મચારીશ્રી રજનીકાંત ડી.પટેલ, વિગેરે જુદા જુદા શાખાના કાયમી કર્મચારીઓ નિવૃત થનાર હોય, તેઓની ગ્રેજયુઈટી, રૂપાંતરીત પેન્શન, ચુકવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.ઃ–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા, વલસાડના સીધાવેરા શાખામાં કલાર્ક તરીકે ફરજ બજાવતા કર્મચારી શ્રી રજનીકાંત ડી. પટેલ, વિગેરે જુદા જુદા શાખાના નીચે જણાવેલ કાયમી કર્મચારીઓ વયમર્યાદાને કારણે નિવૃત થનાર હોય, તેમની નિવૃતી બાદ નિયમોનુસાર નીકળતી નીચે જણાવ્યા મુજબની ગ્રેજયુઈટી, રૂપાંતરીત પેન્શન વિગેરેની ચુકવણી કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ નં | કર્મચારીનું નામ. | શાખાનું નામ. | નિવૃત્તી તારીખ | ગ્રેજયુઈટી રૂા. | રૂપાંતરીત પેન્શન | પેન્શન રૂા. |
|---|---|---|---|---|---|---|
| ૧ | રજનીકાંત ડી. પટેલ | સીધાવેરા | ૩૧–૧૨–૨૦૧૮ | ૫૦૬૫૭૪– | ૩૧૯૪૩૭– | ૭૯૫૦/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૨ | હર્ષદ નટવરલાલ મોદી | શોપ્સ | ૩૧–૧૨–૨૦૧૮ | ૪૫૭૬૦૮– | ૩૧૩૪૧૦– | ૭૮૦૦/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૩ | મંગુભાઈ છોટુભાઈ નાયકા | સેનીટરી | ૩૧–૧૦–૨૦૧૮ | ૪૫૯૮૮૮– | ૨૩૨૨૫૧– | ૫૯૦૫/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૪ | ઈશ્વરભાઈ સી. પટેલ | વારીગૃહ | ૩૧–૧૨–૨૦૧૮ | ૪૫૯૮૮૮– | ૨૩૨૨૫૧– | ૫૯૦૫/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૫ | સ્વ. ધર્મેન્દ્ર બાબુભાઈ ભગત | હોસ્પીટલ | ૨૭/૦૮/ ૨૦૧૮ (મરણ તારીખ) | ૬૪૭૫૮૦– | ––– | ૬૮૬૦/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૬ | સ્વ. રમેશભાઈ છોટુભાઈ પટેલ | સેનીટરી | ૦૮/૦૯/ ૨૦૧૮ (મરણ તારીખ) | ૭૩૩૪૮૮– | –––– | ૫૫૫૦/–+ મળતા અન્ય ભથ્થાઓ. |

સ.મ.મંજુર.

.

કા.સ.ઠ.નં. – ૨૧૯ / તા.:૧૫–૧૦–૨૦૧૮.

---

કામ નં.–૬.

વિષય:– વલસાડ નગરપાલિકા સંચાલિત મહાત્મા ગાંધી સાર્વજનિક પુસ્તકાલય,અને સ્વ.ગજરાબેન મોરારજી દેસાઈ વાંચનાલયમાં જમા થયેલ જુના પેપરો અને સામયિકોની પસ્તીનાં નિકાલ અંગેના આવેલ ભાવો મંજુર કરવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા સંચાલિત, શ્રી મહાત્મા ગાંધી સાર્વજનિક પુસ્તકાલય અને સ્વ. ગજરાબેન મોરારજી દેસાઈ વાંચનાલયમાં તા.: ૧–૪–૨૦૧૭ થી ૩૧–૩–૨૦૧૮ સુધીના છેલ્લા એક વર્ષની જમા થયેલ જુના પેપરોની અને સામયિકો તથા ફાટેલા બિનઉપયોગી પુસ્તકોની પસ્તીનાં નિકાલ માટે સ્થાનિક પસ્તીના જથ્થાબંધ વેપારીઓ પાસેથી ભાવપત્રકો મંગાવવામાં આવતા ત્રણ વેપારીઓના ભાવો આવેલ છે. જે ચીફ ઓફીસરશ્રી રૂબરૂ ખુલ્લા કરવામાં આવેલ છે. જેનું તુલનાત્મક પત્રક નીચે મુજબ છે.

| અ. નં. | વેપારીનું નામ. | સરનામું | જુના પેપરોની પસ્તીનાં–૧ કિલોનો ભાવ | જુના સામયિકોની પસ્તીનો–૧ કિલોનો ભાવ | જુના ફાટેલા જર્જરીત પુસ્તકોનો ૧–કિલોનો ભાવ | જુના કાગળોની પસ્તીના–૧ કિલોનો ભાવ |
|---|---|---|---|---|---|---|
| ૧ | શ્રી લક્ષ્મી ઓલ્ડ પેપર માર્ટ, | લક્ષ્મી નિવાસ બેચરરોડ, વલસાડ. | ૧૧–૦૦ | ૯–૦૦ | ૮–૫૦ | ૪–૦૦ |
| ૨ | પ્રમાણીક પ્લાસ્ટીક અને પસ્તી ભંડાર | શીવ એસ્ટેટ, ગુંદલાવ, વલસાડ. | ૧૧–૦૦ | ૮–૦૦ | ૮–૦૦ | ૪–૦૦ |
| ૩ | શ્રી લક્ષ્મી ઓલ્ડ પેપર એન્ડ બોટલ સપ્લાયર | શીવ એસ્ટેટ, નંદાવલા, ગુંદલાવ, વલસાડ. | ૧૦–૫૦ | ૮–૫૦ | ૮–૦૦ | ૩–૫૦ |

ઉપરોકત આવેલ પસ્તીના ભાવોનું તુલનાત્મક પત્રક જોતાં, એકંદરે શ્રી લક્ષ્મી ઓલ્ડ પેપર માર્ટ, લક્ષ્મીનિવાસ, બેચરરોડ, વલસાડના ભાવો સૌથી વધુ હોય, જે સૌથી વધુ ભાવો મંજુર કરી, શ્રી લક્ષ્મી ઓલ્ડ પેપર માર્ટ, લક્ષ્મીનિવાસ, બેચરરોડ, વલસાડને પસ્તી આપવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

.

કા.સ.ઠ.નં. – ૨૨૦/ તા.:૧૫–૧૦–૨૦૧૮.

---

કામ નં.–૭ .

વિષયઃ– સને ૨૦૧૮–૧૯ ના વર્ષ માટે નગરપાલિકાના જુદા જુદા શાખાઓ માટે છાપકામ, સ્ટેશનરી, ઝેરોક્ષ વિગેરે કામગીરીના ટેન્ડરોના આવેલ ભાવો મંજુર કરવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકામાં સને ૨૦૧૮–૧૯ ના વર્ષ માટે નગરપાલિકાના જુદા જુદા શાખાઓ માટે છાપકામ, સ્ટેશનરી, ઝેરોક્ષ વિગેરે કામગીરી કરાવવા અંગે મે.નાયબ માહીતી નિયામકશ્રી, વલસાડ મારફતે તા.:૬–૬ –૨૦૧૮ ના રોજ ગુજરાત સમાચાર –સુરત દૈનિક પેપર આવૃત્તિમાં જાહેરાત પ્રસિધ્ધી કરાવી રજી.પો.એ.ડી.થી ટેન્ડરો મંગાવવામાં આવતા, મુદત દરમ્યાન છાપકામના–૪(ચાર)ટેન્ડર, સ્ટેશનરીના –૩(ત્રણ)ટેન્ડર, ઝેરોક્ષના–૩(ત્રણ)ટેન્ડર, અલગ અલગ એજન્સીના ટેન્ડરો અત્રેની કચેરીએ મળેલ છે. જે નીચે પ્રમાણે છે.

– છાપકામના ટેન્ડરો.

અ.ન. એજન્સીનું નામ / સરનામુ.

(૧) શિવમ પ્રિન્ટર્સ, ખડકીભાગડા, વલસાડ.
(૨) બીના સ્ટેશનરી, નવસારી.
(૩) આયુષ એન્ટરપ્રાઈઝ –નવસારી.
(૪) શ્રી જય જલારામ પ્રિન્ટર્સ, હાલર,વલસાડ

– સ્ટેશનરીના ટેન્ડરો.

(૧) બીના સ્ટેશનરી માર્ટ– નવસારી
(૨) ગણેશ પ્રિન્ટર્સ એન્ડ સ્ટેશનરી– ખડકીભાગડા
(૩) શ્રી જય જલારામ પ્રિન્ટર્સ,હાલર,વલસાડ

– ઝેરોક્ષના ટેન્ડરો.

(૧) ગજાનંદ ઝેરોક્ષ–વલસાડ.
(૨) હેપ્પી ઝેરોક્ષ–વલસાડ.
(૩) ખુશ્બુ ઝેરોક્ષ– વલસાડ.

ઉપરોકત આવેલ ટેન્ડરો ચીફ ઓફીસરશ્રી તેમજ ચેરમેનશ્રી કારોબારી સમીતી સમક્ષ ખુલ્લા કરવામાં આવેલ છે જેનું તુલનાત્મક પત્રક બનાવી રજુ કરેલ છે.

ઉપરોકત આવેલ ટેન્ડરોના તુલનાત્મક પત્રકો જોતાં, છાપકામના, સ્ટેશનરીના, ઝેરોક્ષની કામગીરી અંગેના આવેલ ટેન્ડરોમાં લાલ કલરથી અંદર લાઈન કરેલ ભાવો સૌથી ઓછા આવેલ છે. જે અંગે આવેલ

એજન્સીઓ પાસે નેગોશીએશન કરાવતાં, છાપકામના ટેન્ડર અંગે, શિવમ પ્રિન્ટર્સે તેઓની મંજુર થયેલ આઈટમોમાં – ૩ % , આયુષ એન્ટરપ્રાઈઝે – તમામ આઈટમોમાં સરેરાશ –૩% , જય જલારામ પ્રિન્ટર્સે મંજુર થયેલ આઈટમોમાં –૩ %, તેમજ સ્ટેશનરીમાં બીના સ્ટેશનરીએ – તમામ આઈટમોના આવેલ સૌથી ઓછા ભાવો મુજબ કામગીરી / સપ્લાય કરવા અંગે, ઉપરોકત એજન્સીઓએ ઉપર જણાવેલ ટકાવારી મુજબ ,જે તે એજન્સીઓએ મંજુર થયેલ આઈટમોની કામગીરી કરવા સંમતિપત્ર આપવામાં આવેલ છે. તે મુજબ કામગીરી કરાવવા તેમજ ઝેરોક્ષની કામગીરી અંગે, આવેલ ટેન્ડરો પૈકી, હેપ્પી ઝેરોક્ષ– વલસાડના સૌથી ઓછા ભાવો આવેલ છે. જે મંજુર કરી, ઉપરોકત જણાવ્યા મુજબ કામગીરી કરાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. – ૨૨૧ / તા.:૧૫–૧૦–૨૦૧૮.

---

<u>કામ નં.–૮.</u>

<u>વિષય:–</u> વલસાડ નગરપાલીકા ના સભાખંડ માટે સભાખંડમાં જનરલ બોર્ડની મીટીંગ તેમજ સરકારશ્રીના જુદા જુદા પ્રોગ્રામ માટે પોર્ટેબલ એમ્પ્લીફાયર માઈક સીસ્ટમ ખરીદ કરવા અંગેના આવેલ ભાવો મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના સભાખંડ માટે સભાખંડમાં જનરલ બોર્ડની મીટીંગ તેમજ સરકારશ્રીના જુદા જુદા પ્રોગ્રામ માટે સાઉન્ડ સીસ્ટમની જરૂરીયાત ઉભી થતી હોય છે. જેના માટે ભાડેથી સાઉન્ડ સીસ્ટમ લાવવા પડે છે જેથી નગરપાલિકાના સભાખંડ માટે તેમજ સરકારશ્રીના જુદા જુદા પ્રોગ્રામ માટે જરૂરી પોર્ટેબલ એમ્પ્લીફાયર માઈક સીસ્ટમ ખરીદ કરવા માટે સ્થાનીક બજારમાંથી ભાવો મંગાવતા નીચે મુજબના ભાવો આવેલ છે.

| અ.નં. | એજન્સીનું નામ અને સરનામુ. | પોર્ટેબલ એમ્પ્લીફાયર સ્પીકર નંગ–૧ નાં ભાવ. | પોર્ટેબલ સ્પીકરનું સ્ટેન્ડ નંગ–૧ નાં ભાવ. |
|---|---|---|---|
| ૧ | સાગર સ્પોર્ટસ, વલસાડ. | ૧૫૫૦૦/– | ૨૦૦૦/– |
| ૨ | પૂજા એમ્પોરીયમ, વલસાડ. | ૧૫૫૦૦/– | ૨૩૦૦/– |
| ૩ | લક્ષ્મી તબલા સ્ટોર,વલસાડ. | <u>૧૪૫૦૦/–</u> | <u>૧૮૦૦/–</u> |

ઉપરોકત આવેલ ત્રણ ભાવોનું તુલનાત્મક પત્રક જોતાં, એકંદરે લક્ષ્મી તબલા સ્ટોર, વલસાડના ભાવો સૌથી ઓછા આવેલ હોય, જે સૌથી ઓછા આવેલ ભાવ મંજુર કરી, મંજુર કરેલ ભાવોએ , લક્ષ્મી તબલા સ્ટોર, વલસાડ પાસેથી, પોર્ટેબલ એમ્પ્લીફાયર સ્પીકર નંગ–૧, તેમજ પોર્ટેબલ સ્પીકરનું સ્ટેન્ડ નંગ–૧, ખરીદી કરવાનું તથા ખરીદ કર્યા બાદ આવતાં બીલનું ચુકવણું કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. – ૨૨૨ / તા.:૧૫ –૧૦–૨૦૧૮.

---

કામ નં.–૯.

વિષયઃ–નગરપાલિકાના વર્ગ–૪, ના કાયમી પટાવાળા કર્મચારીઓને દર ચાર વર્ષે નિયમ મુજબ મળવાપાત્ર ગરમ પેન્ટ તેમજ ગરમ કોટ આપવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.ઃ–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકાના વર્ગ–૪,ના કાયમી પટાવાળા શ્રી ભરત ડી. ચૌહાણ વિગેરેની તા.ઃ૨૭–૦૬–૨૦૧૮ ના રોજ અરજી આપી તેઓને મળવાપાત્ર ગરમપેન્ટ તથા ગરમકોટની માંગણી કરેલ છે.

અરજદાર કર્મચારીઓને છેલ્લે સને–૨૦૧૩ માં ગરમપેન્ટ તથા ગરમકોટ આપવામાં આવેલ છે. જેથી હાલે ચાર વર્ષે પૂર્ણ થતાં હોય, ચાલુ વર્ષે તેઓને ગરમ પેન્ટ તથા ગરમકોટ આપવાપાત્ર થાય છે.

ઉપરોકત આવેલ કામ જોતાં ખરેખર પેપરમાં જાહેરાત આપી ભાવો મંગાવવાના થાય છે. પરંતુ વલસાડ તાલુકા ખાદી અને ગ્રામોદ્યોગ સહકારી મંડળી લીમીટેડ પાસેથી કાપડ ખરીદ કરવામાં આવે તો, ભાવો મંગાવ્યા વિના સીધી ખરીદી કરી શકાય તેમ હોય, વલસાડ નગરપાલિકાના વર્ગ–૪ ના પટાવાળા વિગેરે કાયમી કર્મચારીઓ માટે, ગરમકોટ,પેન્ટ માટે જરૂરીયાત મુજબનું ગરમ કાપડ વલસાડ તાલુકા ખાદી અને ગ્રામોદ્યોગ સહકારી મંડળી લીમીટેડ, વલસાડ પાસેથી ખરીદી કરવાનું તથા તેઓને આપવામાં આવનાર ગરમકોટ, ગરમપેન્ટ સિલાઈ કરવાના કામના સ્થાનિક વેપારી પાસે ત્રણ ભાવો મંગાવી આવેલ ભાવ પૈકી સૌથી લોએસ્ટ ભાવ મંજુર કરી, સિલાઈ કરી આપી, ગરમકોટ, ગરમપેન્ટ આપવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. – ૨૨૩ / તા.:૧૫ –૧૦–૨૦૧૮.

---

<u>કામ નં.–૧૦.</u>

<u>વિષયઃ–</u> વ.ન.પા.ની માલીકીની મોરારજી દેસાઈ શો.સેન્ટરમાં આવેલ દુકાન નં.૫૧, માં કબજેદાર તરીકે વારસાઈ રૂએ અરૂણકુમાર રામસાગર ત્રિપાઠી, અનિલ રામસાગર ત્રિપાઠીના નામો દાખલ કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વ.ન.પા.ની માલીકીની મોરારજી દેસાઈ શો.સેન્ટરમાં આવેલ દુકાન નં.૫૧, જે ભાડા રજીસ્ટર દફતરે કબજેદાર તરીકે શ્રી રામસાગર સુખદેવ ત્રિપાઠી અને સાવીત્રીદેવી રામસાગર ત્રિપાઠીનાં સંયુકત નામે ચાલી આવેલ અને હાલે પણ ચાલુ છે. જે પૈકી રામસાગર સુખદેવ ત્રિપાઠીનું તા.: ૩૦ / ૧૧ / ૨૦૧૭ નાં રોજ અવસાન થયેલ છે. જેઓનો મરણનો દાખલો, વીલ યાને વસીયતનામુ તેમજ પેઢીનામું રજુ કરેલ છે. સદર રજુ કરેલ વીલ યાને વસીયતનામુ તેમજ પેઢીનામાના આધારે પરીશીષ્ટ–૧ હેઠળ વલસાડ નગરપાલિકાની માલીકીની મોરારજી દેસાઈ શો.સેન્ટરમાં આવેલ દુકાન નં.૫૧, માં કબજેદાર તરીકે સંયુકત નામો ચાલી આવેલ છે. જે પૈકી રામસાગર સુખદેવ ત્રિપાઠીનું નામ કબજેદાર તરીકે કમી કરી તેમના બે પુત્રો (૧) અરૂણકુમાર રામસાગર ત્રિપાઠી,(૨) અનિલ રામસાગર ત્રિપાઠીના નામો કબજેદાર તરીકે વધારાનાં બે નામો દાખલ કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર...

કા.સ.ઠ.નં. – ૨૨૪/ તા.: ૧૫ –૧૦ –૨૦૧૮.

---

<u>કામ નં.–૧૧.</u>

<u>વિષયઃ–</u>વ.ન. પા. હદમાં  તાઈવાડ, હરીજનવાસ વિસ્તારમાં આવેલ ન.પા.ના ખુલ્લા પ્લોટને આર.સી.સી.પોલ,ગેલ્વેનાઈઝ કાંટા તાર, ગેલ્વેનાઈઝ બોલ્ડ હૂક, જેવી સામગ્રી ખરીદ કરી તાર ખુટા કરી બંધ કરવામાં આવેલ. સદરહું  સાધનસામગ્રી  વ.ન.પા.ના સ્થાનીક વેપારી શ્રી વસંત હાર્ડવેર એન્ડ જનરલ સ્ટોર શ્રોફ ચાલ, આઝાદ ચોક,વલસાડ પાસેથી ખરીદી કરેલ જેનું આવેલ બીલ રૂા. ૧૭,૪૦૦/– મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું  કે, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં વોર્ડ નં.–૫, તાઈવાડ, હરીજનવાસ વિસ્તારમાં  સદરહુ વિસ્તારના રહીશો ધ્વારા  નગરપાલિકાની માલીકની માલીકીની જમીનમાં ગેરકાયદેસર રીતે દિવાલ અને લોખંડનો પ્રવેશ ધ્વાર  બનાવી દેવામાં આવેલ છે. અને મે. કલેકટર સાહેબ, વલસાડના  નેતૃત્વ  હેઠળ ડેપ્યુટી કલેકટરશ્રીની રૂબરૂ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ ધરમપુર રોડ, બેચરરોડ, નાના તાઈવાડ રોડના ગેરકાયદેસર રીતે કરેલ દબાણો દુર કરવાનો ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે.

સદરહું ઉપરોકત નાના તાઈવાડ હરીજનવાસ વિસ્તારમાં આવેલ  નગરપાલિકાની  માલીકીનો ખુલ્લો પ્લોટ ડેપ્યુટી કલેકટરશ્રીની સ્થળ ઉપર મળેલ આદેશ મુજબ સદરહુ પ્લોટને  આર.સી.સી. પોલને તારખુટા કરી બંધ કરી દેવાનું જણાવેલ છે. જે અન્વયે વલસાડ નગરપાલિકાના સ્થાનીક વેપારી શ્રી  વસંત હાર્ડવેર એન્ડ જનરલ સ્ટોર, શ્રોફ ચાલ, આઝાદ ચોક, વલસાડ પાસેથી જરૂરીયાત મુજબના આર.સી.સી.પોલ ગેલ્વેનાઈઝ કાંટા તાર, ગેલ્વેનાઈઝ બોલ્ડ હૂક તેમજ ગેલ્વેનાઈઝ તાર વિગેરેની સદરહુ પ્લોટ બંધ કરવા માટેની જરૂરીયાત મુજબની સામગ્રી  ખરીદી કરવાની જરૂરીયાત હોય, ઉપરોકત એજન્સી પાસેથી તાત્કાલીક માલ–સામાનની ખરીદી કરી સદરહુ પ્લોટનો કબજો મેળવેલ છે. અને તારખુટા સાથે બંધ કરી દેવામાં આવેલ છે. જેથી સદરહુ માલ સામાનની કરેલ ખરીદીની બહાલ રાખી સદરહુ એજન્સીની આવેલ બીલની રકમ રૂા. ૧૭,૪૦૦/– પુરાનો ખર્ચ મંજુર કરી સદરહુ એજન્સીનું આવેલ બીલનું ચુકવણું કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. – ૨૨૫ / તા.: ૧૫– ૧૦ –૨૦૧૮.

---

કામ નં.–૧૨.

વિષયઃ–જાહેર બાંધકામ શાખા હસ્તક ચાલતા વાહન પીવાના પાણીની ટેન્કર ગાડી રજી. નં.જીટીઓ–૭૭૩૧થી વ.ન.પા. હદ વિસ્તાર તેમજ હદ બહારના વિસ્તારમાં શુભ અને અશુભ પ્રસંગે ઘર વપરાશ તેમજ બાંધકામ અર્થે પાણી પુરું પાડવાના ચાર્જમાં નવા સૂચિત દરો વસુલ કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, જાહેર બાંધકામ શાખા હસ્તક ચાલતા વાહન પીવાના પાણીની ટેન્કર ગાડી રજી. નં.જીટીઓ–૭૭૩૧ થી વ.ન.પા. હદ વિસ્તાર તેમજ હદ બહારના વિસ્તારમાં શુભ અને અશુભ પ્રસંગે ઘર વપરાશ તેમજ બાંધકામ અર્થે પાણી પુરું પાડવાની કામગીરી કરવામાં આવેલ છે. વલસાડ નગરપાલીકામાં સને : ૨૦૦૬ થી અબ્રામા અને મોગરાવાડીનો વિસ્તાર સમાવિષ્ટ થયેલ છે. જેને કારણે વલસાડ શહેરનો એરીયા અંદાજે ૧૪.૦૪ કી.મી.નો વ્યાપ ધરાવે છે. અને સદરહું વાહન ખુબજ જુનું હોય, અને હાલે પ્રવર્તમાન ડીઝલના ભાવોમાં ઉત્તરોઉત્તર વધારો થવા જાય છે. એના કારણે નગરપાલિકાને આર્થિક નુકશાન ભોગવવું પડે છે. નગરપાલિકા ધ્વારા પીવાના પાણી પુરું પાડવાનું જે ચાર્જ વસુલવાનું મંજુર કરેલ છે. તે હાલે ખુબજ નજીવો દર ગણાય છે. જેથી સદરહું ચાર્જમાં વધારો કરવો ખુબજ અત્યંત અને જરૂરી જણાય છે. હાલે સદરહુ ટેન્કર ધ્વારા પીવાનું પાણી પુરું પાડવાનો હાલે જે ચાર્જ વસુલ કરવામાં આવે છે. જેની વિગત નીચે મુજબ છે.

(૧) શુભ–અશુભ પ્રસંગે તેમજ ઘર વપરાશ ( હદ વિસ્તાર ) રૂા.૨૦૦/– ( એક ફેરાના )
(૨) શુભ–અશુભ પ્રસંગે તેમજ ઘર વપરાશ ( હદ બહાર વિસ્તાર ) રૂા.૪૦૦/– ( એક ફેરાના )
(૩) બાંધકામ અર્થે ( હદ વિસ્તાર ) રૂા. ૪૦૦/– ( એક ફેરાના )
(૪) બાંધકામ અર્થે ( હદ બહાર વિસ્તાર ) રૂા. ૮૦૦/– ( એક ફેરાના )

ઉપરોકત નગરપાલિકા ધ્વારા વસુલ કરવામાં આવતો ચાર્જ ખુબજ નજીવો હોય, તેમાં વધારો કરવાનો સૂચિત દર નીચે મુજબ છે.

(૧) શુભ–અશુભ પ્રસંગે તેમજ ઘર વપરાશ ( હદ વિસ્તાર ) રૂા.૫૦૦/– ( એક ફેરાના )(ડવેલીંગ યુનિટ)
(૨) શુભ–અશુભ પ્રસંગે તેમજ ઘર વપરાશ ( હદ બહાર વિસ્તાર ) રૂા.૧૦૦૦/– ( એક ફેરાના )(ડવેલીંગ યુનિટ)
(૩) એપાર્ટમેન્ટમાં અંડરગ્રાઉન્ડ સંપમાં ઘર વપરાશ ( હદ વિસ્તાર )રૂા.૧૫૦૦/– ( એક ફેરાના )
(૪) એપાર્ટમેન્ટમાં અંડરગ્રાઉન્ડ સંપમાં ઘર વપરાશ ( હદ બહાર વિસ્તાર )રૂા.૩૦૦૦/– ( એક ફેરાના )
(૫) બાંધકામ અર્થે ( હદ વિસ્તાર ) રૂા. ૨૦૦૦/– ( એક ફેરાના )
(૬) બાંધકામ અર્થે ( હદ બહાર વિસ્તાર ) રૂા. ૪૦૦૦/– ( એક ફેરાના )

ઉપરોકત આવેલ કામે કમીટીમાં જરૂરી ચર્ચા વિચારણાના અંતે, નીચે મુજબ નવા સૂચિત દરો વસુલાત કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) શુભ–અશુભ પ્રસંગે તેમજ ઘર વપરાશ ( હદ વિસ્તાર ) રૂા.૪૦૦/– ( એક ફેરાના )(ડવેલીંગ યુનિટ)

(૨) શુભ–અશુભ પ્રસંગે તેમજ ઘર વપરાશ ( હદ બહાર વિસ્તાર ) રૂા.૮૦૦/– ( એક ફેરાના )(ડવેલીંગ યુનિટ)

(૩) એપાર્ટમેન્ટમાં અંડરગ્રાઉન્ડ સંપમાં ઘર વપરાશ ( હદ વિસ્તાર )રૂા.૧૦૦૦/– ( એક ફેરાના )

(૪) એપાર્ટમેન્ટમાં અંડરગ્રાઉન્ડ સંપમાં ઘર વપરાશ ( હદ બહાર વિસ્તાર )રૂા.૨૦૦૦/– ( એક ફેરાના )

(૫) બાંધકામ અર્થે ( હદ વિસ્તાર ) રૂા. ૧૦૦૦/– ( એક ફેરાના )

(૬) બાંધકામ અર્થે ( હદ બહાર વિસ્તાર ) રૂા. ૨૦૦૦/– ( એક ફેરાના )

સ.મ.મંજુર.

.

કા.સ.ઠ.નં. – ૨૨૬ / તા.: ૧૫ –૧૦–૨૦૧૮.

---

કામ નં.–૧૩.

વિષયઃ– ના.સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ તા.: ૦૧–૦૫–૨૦૧૮ થી ઓનલાઈન ડેવલપમેન્ટ પરમીશન સીસ્ટમ (ODPS ) અમલમાં આવનાર હોય,જે અંગેની જરૂરી તાલીમ આર્કીટેકટ, એન્જીનીયરોને તા.: ૨–૦૫–૨૦૧૮ના રોજ સભાખંડમાં આપવામાં આવેલ.જે સમયે સાઉન્ડ સીસ્ટમની વ્યવસ્થા રામગીર ડેકોરેટર્સ, વલસાડ પાસેથી કરાવેલ.જે અંગેનું આવેલ બીલ રૂા. ૩૦૦૦/– મંજુર કરવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ના.સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ તા.: ૦૧–૦૫–૨૦૧૮ થી ઓનલાઈન ડેવલપમેન્ટ પરમીશન સીસ્ટમ (ODPS ) અમલમાં આવનાર હોય, સરકારશ્રીના આવેલ પત્રોમાં જણાવ્યા મુજબ વલસાડ જિલ્લાની નગરપાલિકાના આર્કીટેકટ, એન્જીનીયરોને જરૂરી તાલીમ આપવાની હોય, વલસાડ નગરપાલિકાના નવીન નગર સેવા સદનના બીજા માળે આવેલ અટલ બિહારી બાજપાઈ સભાખંડમાં તા.:૨૨–૦૫–૨૦૧૮ના રોજ જરૂરી તાલીમ રાખવામાં આવેલ હોય, સદરહુ તાલીમ અર્થે સાઉન્ડ સીસ્ટમની જરૂરીયાત હોય, કા.સ.ઠ.નં.–૨૨૦ / તા.: ૧૪–૦૭–૨૦૧૭ થી મંજુર થયા મુજબ રામગીર ડેકોરેટર્સ, વલસાડ પાસેથી સાઉન્ડ સીસ્ટમની કામગીરી કરાવેલ હોય, સદરહુ કરાવેલ કામગીરીનું તમામ ટેક્ષ સહિતનું આવેલ બીલ રૂા. ૩૦૦૦/– અંકે રૂા.ત્રણ હજાર પુરાનું ચુકવણું કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. – ૨૨૭ / તા.:૧૫ –૧૦ –૨૦૧૮.

———————————————————————————————————————

<u>કામ નં.–૧૪.</u>

<u>વિષયઃ–</u> પ્રાદેશિક કમિશ્નર નગરપાલિકાઓ સુરતના પત્ર ક્રમાંક નં. પ્રાકન / વશી /–૨૩૯ / ૨૦૧૮, તા.: ૧૧/૦૭/૧૮ ના રોજથી ઓનલાઈન ડેવલપમેન્ટ પરમીશન સીસ્ટમ (ODPS ) અમલ કરણ અંતર્ગત ટ્રેનીંગ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ આર્કીટેકટ, એન્જીનીયરોને ટ્રેનીંગ આપવા માટે જેમાં વલસાડ નગરપાલિકા ખાતે તા.:૧૬–૦૭–૨૦૧૮ના રોજ સભાખંડમાં મીટીગનું આયોજન કરવામાં આવેલ. જેમાં સાઉન્ડ સીસ્ટમની વ્યવસ્થા રામગીર ડેકોરેટર્સ, વલસાડ પાસેથી કરાવેલ.જે અંગેનું આવેલ બીલ રૂા. ૩૦૦૦/– મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,પ્રાદેશિક કમિશ્નર નગરપાલિકાઓ સુરતના પત્ર ક્રમાંક નં. પ્રાકન / વશી /–૨૩૯ / ૨૦૧૮, તા.: ૧૧/૦૭/૧૮ ના રોજથી ઓનલાઈન ડેવલપમેન્ટ પરમીશન સીસ્ટમ (ODPS ) અમલીકરણ અંતર્ગત ટ્રેનીંગ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ આર્કીટેકટ, એન્જીનીયરોને ટ્રેનીંગ આપવા માટે જેમાં વલસાડ નગરપાલિકા ખાતે તા.:૧૬–૦૭–૨૦૧૮ના રોજ સભાખંડમાં મીટીગનું આયોજન કરવામાં આવેલ. સદરહું મીટીગમાં પ્રોજેકટર ધ્વારા સ્લાઈડથી પ્રેઝન્ટેશન કરવાની જરૂરીયાત હોય વલસાડ નગરપાલિકા પાસે પ્રોજેકટરની વ્યવસ્થા છે સદરહુ હોલમાં સાઉન્ડ સીસ્ટમ નહી હોવાથી કા.સ.ઠ.નં.–૨૨૦ / તા.: ૧૪–૦૭–૨૦૧૭ થી મંજુર થયા મુજબ રામગીર ડેકોરેટર્સ, વલસાડ પાસેથી સાઉન્ડ સીસ્ટમ નંગ–૧ ભાડેથી મંગાવેલ હોય, સદરહું સાઉન્ડ સીસ્ટમની વ્યવસ્થા અંગેનું આવેલ બીલ રૂા. ૩૦૦૦/– અંકે રૂા.ત્રણ હજાર પુરાનું ચુકવણું કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. – ૨૨૮/ તા.: ૧૫ –૧૦ –૨૦૧૮.

---

<u>કામ નં.–૧૫.</u>

<u>વિષય:–</u> એડવોકેટશ્રી યોગી કે. ગઢીયા પાસે વ.ન.પા.ના તત્કાલીન ઈજનેર શ્રી સચીન્દ્ર કે. કાપડીયાને કામચલાઉ પેન્શનની ચુકવણી કરવા અંગેનો જરૂરી લીગલ અભિપ્રાય મંગાવેલ. જે અંગેનું આવેલ બીલ રૂા.૧૬,૯૫૦/– મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલીકા ઈજનેર શ્રી સચીન્દ્ર કે. કાપડીયાએ તા.: ૩૦–૦૯–૨૦૧૭ થી સ્વૈચ્છીક નિવૃતિ લેવા બાબતે અરજ કરવામાં આવેલ હતી. અને વલસાડ નગરપાલિકાના જ.બો.ઠ.નં.–૩૪૫ / તા.: ૨૭–૭–૨૦૧૭ થી તેઓની સ્વૈચ્છીક નિવૃતિને શરતોને આધીન મંજુર કરવામાં આવેલ હતી. અરજદાર કર્મચારીને કામ ચલાઉ પેન્શનની ચુકવણી તેમજ ગ્રેજયુઈટીની રકમની ચુકવણી કરી શકાય કે કેમ?તે અંગેનો લીગલ અભિપ્રાય મંગાવવામાં આવેલ. જે અંગેનું આવેલ બીલ રૂા.૧૬,૯૫૦/– અંકે રૂા.સોળ હજાર, નવસો પચાસ પુરાનું ચુકવણું કરવા અંગેની આગળની જરૂરી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. – ૨૨૯ / તા.:૧૫ –૧૦ –૨૦૧૮.

---

<u>કામ નં.–૧૬.</u>

<u>વિષયઃ–</u> ડ્રે.ક.ઠ.નં.૧૬૧ / તા.: ૮–૮–૨૦૧૮ થી ઠરાવ્યા મુજબ શિવમ પ્રિન્ટસ રોડ કુંભારવાડ પાસે " નવી બાયપાસ ડ્રેનેજ લાઈન ૯૫–મી.લંબાઈની ૧૨" ડાયાની નાંખવાનો અંદાજીત ખર્ચ રૂા.૧,૯૭,૦૫૫/– મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

ડ્રે.ક.ઠ.નં.૧૬૧ / તા.: ૮–૮–૨૦૧૮ થી ઠરાવ્યા મુજબ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ કુંભારવાડ કુવા પાસે ડ્રેનેજ લાઈનની ફરીયાદ વારંવાર આવે છે. અત્રેની કચેરીએ લાઈન સફાઈ વારંવાર કરવા છતાં કાયમી નિવારણ મળેલ નથી સદર રોડની પાસે શહીદચોક ગ્રાઉન્ડ આવેલ છે જેમાં અવારનવાર સદર વિસ્તારનાં ધાર્મિક કાર્યક્રમો તેમજ વિવિધ શાળાનાં વિદ્યાર્થીએ રમવા માટે આવે છે સદર ગ્રાઉન્ડમાં ગંદુ પાણી જઈ વિકટ પરીસ્થીતી ઉભી થયેલ છે. સદર બાબતે નવી ડ્રેનેજ લાઈન તાત્કાલીક નાંખી કાયમી નિવારણ લાવવાની જરૂરીયાત હોય, " શિવમ પ્રિન્ટસ રોડ, કુંભારવાડ પાસે " નવી બાયપાસ ડ્રેનેજ લાઈન ૯૫–મી.લંબાઈની ૧૨" ડાયાની નાંખવાનો અંદાજીત ખર્ચ રૂા.૧,૯૭,૦૫૫/– મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. – ૨૩૦ / તા.: ૧૫ –૧૦ –૨૦૧૮.

---

<u>કામ નં.–૧૭.</u>

<u>વિષયઃ–</u>

ચોમાસુ સત્ર–૨૦૧૮ વરસાદી સીઝન દરમ્યાન નીચાણવાળા વિસ્તારોમાં વરસાદ થી રેલ આવવાના સાવચેતીના પગલાં રૂપે વલસાડ નગરપાલિકા હદમાં કાશ્મીરનગર ખાતે તા.: ૧૭–૭–૨૦૧૮ ના રોજ નગરપાલિકાના વાહન ઉપર રાત્રી દરમ્યાન અંધારુ રહેતું હોવાથી મેટલ હેલાઈટ નંગ–૩ તેમજ જનરેટર સેટ નંગ–૧ ની વ્યવસ્થા કરવામાં આવેલ,જેનું આવેલ બીલ રૂા.૪૨૦૦/– મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ચોમાસુ સત્ર–૨૦૧૮ વરસાદી સીઝન દરમ્યાન નીચાણવાળા વિસ્તારોમાં વરસાદ થી રેલ આવવાના સાવચેતીના પગલાં રૂપે વલસાડ નગરપાલિકા હદમાં કાશ્મીરનગર ખાતે તા.: ૧૭–૭–૨૦૧૮ ના રોજ નગરપાલિકાના વાહન ઉપર રાત્રી દરમ્યાન અંધારુ રહેતું હોવાથી મેટલ હેલાઈટ નંગ–૩ તેમજ જનરેટર સેટ નંગ–૧ ની વ્યવસ્થા , શ્રી રામગીર ડેકોરેટર્સ, વલસાડના મંજુર થયેલ ભાવે, સદરહુ એજન્સી પાસે કામગીરી કરાવવામાં આવેલ, સદરહુ કામગીરી અતિઆવશ્યક હોવાથી કરાવેલ હોય, કરાવેલ કામગીરીને બહાલ રાખી આવેલ બીલની રકમ રૂા.૪૨૦૦/– અંકે રૂા. ચાર હજાર, બસો પુરા મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. –૨૩૧ / તા.:૧૫ – ૧૦ –૨૦૧૮.

---

<u>કામ નં.–૧૮.</u>

<u>વિષયઃ–</u>

ચોમાસુ સત્ર–૨૦૧૮ વરસાદી સીઝન દરમ્યાન નીચાણવાળા વિસ્તારોમાં વરસાદ થી રેલ આવવાના સાવચેતીના પગલાં રૂપે વલસાડ નગરપાલિકા હદમાં પીચીંગ ખાતે તા.: ૧૭–૦૭–૨૦૧૮ ના રોજ નગરપાલિકાના ધ્વારા ખાનગી વાહન ( ભાડેથી )ઉપર રાત્રી દરમ્યાન અંધારુ રહેતું હોવાથી મેટલ હેલાઈટ નંગ–૪ તેમજ જનરેટર સેટ નંગ–૧ ની વ્યવસ્થા કરવામાં આવેલ,જેનું આવેલ બીલ રૂા.૪૬૦૦/– મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ચોમાસુ સત્ર–૨૦૧૮ વરસાદી સીઝન દરમ્યાન નીચાણવાળા વિસ્તારોમાં વરસાદ થી રેલ આવવાના સાવચેતીના પગલાં રૂપે વલસાડ નગરપાલિકા હદમાં પીચીંગ ખાતે તા.: ૧૭–૭–૨૦૧૮ ના રોજ નગરપાલિકાના ખાનગી વાહન ( ભાડેથી ) ઉપર રાત્રી દરમ્યાન અંધારુ રહેતું હોવાથી મેટલ હેલાઈટ નંગ–૪ તેમજ જનરેટર સેટ નંગ–૧ ની વ્યવસ્થા , શ્રી રામગીર ડેકોરેટર્સ, વલસાડના મંજુર થયેલ ભાવે, સદરહુ એજન્સી પાસે કામગીરી કરાવવામાં આવેલ, સદરહુ કામગીરી અતિઆવશ્યક હોવાથી કરાવેલ હોય, કરાવેલ કામગીરીને બહાલ રાખી આવેલ બીલની રકમ રૂા.૪૬૦૦/– અંકે રૂા. ચાર હજાર, છસો પુરા મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. – ૨૩૨ / તા.:૧૫ –૧૦ –૨૦૧૮.

---

<u>કામ નં.–૧૯.</u>

<u>વિષયઃ–</u>

ચોમાસુ સત્ર–૨૦૧૮ વરસાદી સીઝન દરમ્યાન નીચાણવાળા વિસ્તારોમાં વરસાદ થી રેલ આવવાના સાવચેતીના પગલાં રૂપે તા.: ૧૭–૦૭–૨૦૧૮ ના રોજ નગરપાલિકાના વાહન ઉપર સાઉન્ડ સીસ્ટમ નંગ–૧ ની વ્યવસ્થા કરવામાં આવેલ,જેનું આવેલ બીલ રૂા.૩૦૦૦/– મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ચોમાસુ સત્ર–૨૦૧૮ વરસાદી સીઝન દરમ્યાન નીચાણવાળા વિસ્તારોમાં વરસાદ થી રેલ આવવાના સાવચેતીના પગલાં રૂપે તા.: ૧૭–૦૭–૨૦૧૮ ના રોજ નગરપાલિકાના વાહન ઉપર સાઉન્ડ સીસ્ટમની ગોઠવણ કરી નીચાણવાળા વિસ્તારોના રહીશોને જાણકારી આપવા માટે સાઉન્ડ સીસ્ટમ નંગ–૧ ની વ્યવસ્થા , શ્રી રામગીર ડેકોરેટર્સ, વલસાડના મંજુર થયેલ ભાવે, સદરહુ એજન્સી પાસે કામગીરી કરાવવામાં આવેલ, સદરહુ કામગીરી અતિઆવશ્યક હોવાથી કરાવેલ હોય, કરાવેલ કામગીરીને બહાલ રાખી આવેલ બીલની રકમ રૂા.૩૦૦૦/– અંકે રૂા. ત્રણ હજાર પુરા મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. – ૨૩૩ / તા.: ૧૫– ૧૦ –૨૦૧૮.

---

<u>કામ નં.–૨૦.</u>

<u>વિષયઃ–</u>

ચોમાસુ સત્ર–૨૦૧૮ વરસાદી સીઝન દરમ્યાન નીચાણવાળા વિસ્તારોમાં વરસાદ થી રેલ આવવાના સાવચેતીના પગલાં રૂપે વલસાડ નગરપાલિકા હદમાં પીચીગ ખાતે તા.: ૨૦–૦૭–૨૦૧૮ ના રોજ નગરપાલિકા ધ્વારા ખાનગી વાહન ( ભાડેથી)ઉપર રાત્રી દરમ્યાન અંધારુ રહેતું હોવાથી મેટલ હેલાઈટ નંગ–૪ તેમજ જનરેટર સેટ નંગ–૧ ની વ્યવસ્થા કરવામાં આવેલ,જેનું આવેલ બીલ રૂા.૪૬૦૦/– મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ચોમાસુ સત્ર–૨૦૧૮ વરસાદી સીઝન દરમ્યાન નીચાણવાળા વિસ્તારોમાં વરસાદ થી રેલ આવવાના સાવચેતીના પગલાં રૂપે વલસાડ નગરપાલિકા હદમાં પીચીગ ખાતે તા.: ૨૦–૭–૨૦૧૮ ના રોજ નગરપાલિકા ધ્વારા ખાનગી વાહન ( ભાડેથી ) ઉપર રાત્રી દરમ્યાન અંધારુ રહેતું હોવાથી મેટલ હેલાઈટ નંગ–૪ તેમજ જનરેટર સેટ નંગ–૧ ની વ્યવસ્થા , શ્રી રામગીર ડેકોરેટર્સ, વલસાડના મંજુર થયેલ ભાવે, સદરહુ એજન્સી પાસે કામગીરી કરાવવામાં આવેલ, સદરહુ કામગીરી અતિઆવશ્યક હોવાથી કરાવેલ હોય, કરાવેલ કામગીરીને બહાલ રાખી આવેલ બીલની રકમ રૂા.૪૬૦૦/– અંકે રૂા. ચાર હજાર, છસો પુરા મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. – ૨૩૪ / તા.: ૧૫ –૧૦ –૨૦૧૮.

---

<u>કામ નં.–૨૧.</u>

<u>વિષય:–</u>

ચોમાસુ સત્ર–૨૦૧૮ વરસાદી સીઝન દરમ્યાન નીચાણવાળા વિસ્તારોમાં વરસાદ થી રેલ આવવાના સાવચેતીના પગલાં રૂપે વલસાડ નગરપાલિકા હદમાં કાશ્મીરનગર ખાતે તા.: ૨૦–૭–૨૦૧૮ ના રોજ નગરપાલિકાના વાહન ઉપર રાત્રી દરમ્યાન અંધારુ રહેતું હોવાથી મેટલ હેલાઈટ તેમજ એક જનરેટર સેટની વ્યવસ્થા કરવામાં આવેલ, જેનું આવેલ બીલ રૂા.૪૨૦૦/– મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ચોમાસુ સત્ર–૨૦૧૮ વરસાદી સીઝન દરમ્યાન નીચાણવાળા વિસ્તારોમાં વરસાદ થી રેલ આવવાના સાવચેતીના પગલાં રૂપે વલસાડ નગરપાલિકા હદમાં કાશ્મીરનગર ખાતે તા.: ૨૦–૭–૨૦૧૮ ના રોજ નગરપાલિકાના વાહન ઉપર રાત્રી દરમ્યાન અંધારુ રહેતું હોવાથી મેટલ હેલાઈટ તેમજ એક જનરેટર સેટની વ્યવસ્થા, શ્રી રામગીર ડેકોરેટર્સ, વલસાડના મંજુર થયેલ ભાવે, સદરહુ એજન્સી પાસે કામગીરી કરાવવામાં આવેલ, સદરહુ કામગીરી અતિઆવશ્યક હોવાથી કરાવેલ હોય, કરાવેલ કામગીરીને બહાલ રાખી આવેલ બીલની રકમ રૂા.૪૨૦૦/– અંકે રૂા. ચાર હજાર, બસો પુરા મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. – ૨૩૫ / તા.:૧૫ –૧૦ –૨૦૧૮.

---

કામ નં.–૨૨.

વિષયઃ– વ.ન.પા. સંચાલીત મ્યુનિ. હોસ્પીટલમાં હોમીયોપેથીક દવાખાનામાં જુ. કલાર્ક તરીકે ફરજ બજાવતા ભરત એસ. ભંડારીનું કરારીય સમયગાળા દરમ્યાન તા.:૧૮–૦૭–૨૦૧૮ના રોજ અવસાન પામેલ હોય, જેમના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાંકીય સહાય, સીધીલીટીના વારસદાર વિધવા પત્ની નિશાબેન ભરતભાઈ ભંડારીને ચુકવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલીકામાં વહીવટી જા. નં. ૪૬૭ થી ૪૮૫ તા.: ૧૭ / ૦૭ / ૨૦૧૭ ના રોજથી વલસાડ નગરપાલિકા સંચાલીત મ્યુનિસિપલ હોસ્પીટલમાં હોમીયોપેથીક દવાખાનામાં જુ. કલાર્ક તરીકે ફિક્સ પગારે નિમણુંક આપવામાં આવેલ હતી. તેઓના પતિનુ બિમારી બાદ તા.: ૧૮–૦૭–૨૦૧૮ ના રોજ મરણ થયેલ છે. ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક : રહમ –૧૦૨૦૧૭– યુઓ –૧૦૬(૧૮૦૯૯૫)–ક,સચિવાલય ,ગાંધીનગર તા.: ૨૦ /૦૭/૨૦૧૭ ના પરીપત્રની શરતોને આધીન ફીકસ પગારની નીતી અન્વયે કરારીય ધોરણે નિમણુંક પામેલ વર્ગ–૩ અને વર્ગ–૪ કર્મચારીઓની ફીકસ પગારની સેવા દરમ્યાન અથવા ફીકસ પગારની સેવા બાદની નિયમીત સેવાના એક વર્ષ સમય દરમ્યાન થયેલ અવસાનના કિસ્સામાં રૂા.૪/–લાખની ( અંકે રૂા.ચાર લાખ પુરા ) ઉચ્ચક નાણાંકીય સહાય ચુકવવાનો પરીપત્ર છે. પરીપત્રની ઠરાવની શરત નં.: ૩ મુજબ અવસાન પામેલ કર્મચારીના આશ્રીતોને નીચેના અગ્રતા ક્રમ મુજબ ઉચ્ચક નાણાંકીય સહાય મળવાપાત્ર થાય છે. ૧) " સ્વર્ગસ્થ કર્મચારીના વિધવા કે વિધુરને " તે મુજબ અરજદારશ્રી નિશાબેન ભરતભાઈ ભંડારી તેઓશ્રી સ્વ. ભરતભાઈ ભંડારીના વિધવા પત્ની છે. જેઓશ્રીના આધાર પુરાવા સાધનિક પેપરો આ સાથે રજુ કરેલ છે. ઠરાવની શરત નં.–૮ મુજબ અવસાન પામેલ કર્મચારીના સીધી લીટીના વારસદાર ફકરા ન.:૩ માં જણાવેલ શરતોને આધીન હકકદાર ભંડારી નિશાબેન ભરતભાઈને " અવસાનની તારીખથી ત્રણ માસમાં સહાયની રકમ ચુકવવાની જોગવાઈ છે. ઉપરોકત બાબતો ધ્યાને લઈ અરજદારશ્રીની આવેલ રજુઆતો અને સરકારશ્રીના ઠરાવની શરત : ૧૧ અનુસાર આ અંગેનો ખર્ચ સબંધીત વિભાગને ફાળવેલ ગ્રાન્ટમાંથી કરવાની જોગવાઈ છે. જે હકીકતો ધ્યાને લઈ, વલસાડ નગરપાલિકા સંચાલીત મ્યુની.હોસ્પીટલમાં હોમીયોપેથીક દવાખાનામાં જુ.કલાર્ક તરીકે ફરજ બજાવતા શ્રી ભરત એસ. ભંડારીનું કરારીય સમયગાળા દરમ્યાન તા.:૧૮–૦૭–૨૦૧૮ના રોજ અવસાન પામેલ હોય, જેમના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાંકીય સહાય, સીધીલીટીના વારસદાર વિધવા પત્ની નિશાબેન ભરતભાઈ ભંડારીને ચુકવવા અંગે જરૂરી દરખાસ્ત તૈયાર કરી, મોકલવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. – ૨૩૬ / તા.: ૧૫ –૧૦ –૨૦૧૮.

---

<u>કામ નં.–૨૩.</u>

<u>વિષયઃ–</u> નગરપાલિકા સંચાલીત મ્યુનિસીપલ હોસ્પીટલના કર્મચારી શ્રી મહેશભાઈ મણીલાલ સોલંકીનું તબીબી સારવારનું આવેલ બીલ ચુકવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલીકા સંચાલીત મ્યુનીસીપલ હોસ્પીટલના ચોથા વર્ગના સ્વીપર તરીકે કાયમી ફરજ બજાવતા કર્મચારી શ્રી મહેશભાઈ મણીલાલ સોલંકી તા.: ૧૧ / ૧૦ / ૨૦૧૬ ના રોજ નગરપાલીકા હોસ્પીટલના નાઈટ ડયુટીમાં ફરજ પર હાજર હતા તે દરમ્યાન તેઓની તબીયત બગડતા તેઓને નગરપાલીકા સંચાલીત મ્યુની. હોસ્પીટલમાં પ્રાથમીક સારવાર આપ્યા બાદ વધુ સારવાર અર્થે કસ્તુરબા હોસ્પીટલમાં દાખલ કરવામાં આવેલ અને કસ્તુરબા હોસ્પીટલના તબીબોની સલાહથી તેઓને વલસાડ શહેરમાં આવેલ અમીત હોસ્પીટલમાં દાખલ કરી તેઓને સારવાર આપવામાં આવેલ. સારવાર દરમ્યાન તેઓ તરફથી રૂા. ૧,૯૭,૦૬૧/– ની રકમનું બીલ રજુ કરેલ છે.

સરકારશ્રીના આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગના પરીપત્ર ક્રમાંક : એસ.એ.જી / ૧૦ / ૨૦૦૩ / ૨૭૧૨ / અ ( પા. ફા ) તા.: ૨૪ / ૦૮ /૨૦૧૫ થી ઠરાવ્યા મુજબ નિયમ ૨.૪, ૨.૫, ૧૪.૧ તથા ૧૪.૨ મુજબ તેઓએ કરાવેલ સારવારના બીલના ખર્ચેલા નાણાં રૂા. રૂા. ૧,૯૭,૦૬૧/ રીએમ્બર્સમેન્ટનું ચુકવણું કરવાનું થાય છે. સરકારશ્રી ધ્વારા પ્રસિધ્ધ કરેલ યાદીમાં જણાવેલ હોસ્પીટલોમાં અમીત હોસ્પીટલનું નામ નથી પરંતુ સરકારશ્રીના પરીપત્ર ના નિયમ ૨.૪ મુજબ સરકારી હોસ્પીટલ સમકક્ષ હોસ્પીટલમાં કરાવેલ સારવાર માન્ય છે. નગરપાલીકાની હોસ્પીટલ સરકારી સમકક્ષ હોસ્પીટલ છે, પરંતુ આ હોસ્પીટલમાં સારવાર ઉપલબ્ધ નથી જેથી ઈમરજન્સીમાં શ્રી મહેશભાઈ મણીલાલ સોલંકીને વધુ સારવાર માટે અમીત હોસ્પીટલ સરકાર માન્ય હોસ્પીટલ યાદીમાં આવતી નથી. મેડીકલ રીએમ્બર્સનું ચુકવણું માટે સરકાર માન્ય હોસ્પીટલ અથવા સરકાર સમકક્ષ હોસ્પીટલ હોવી જરૂરી છે.

વલસાડ નગરપાલિકાના આરોગ્ય શાખામાં મુકાદમ તરીકે ફરજ બજાવતા કાયમી કર્મચારી શ્રી દીપકભાઈ ભવરભાઈ વાલોદરા વિગેરેને આવા કિસ્સામાં કારોબારી સમીતી અને જનરલ બોર્ડમાં મંજુરી મેળવી ચુકવણું કરવામાં આવેલ હતું તે મુજબ આ કર્મચારીની અરજીને ધ્યાને લઈ કારોબારી સમીતી તથા જનરલ બોર્ડમાં મંજુરત મળ્યા બાદ ચુકવણું કરવાનું થાય છે. એવો ઈન્ટરનલ ઓડીટરશ્રીનો આવેલ રીપોર્ટને ધ્યાનમાં લઈ, ઉપરોકત આવેલ કામે જરૂરી નિયમોનુસાર કાર્યવાહી કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. – ૨૩૭ / તા.: ૧૫ –૧૦ –૨૦૧૮.

---

કામ નં.–૨૪.

વિષયઃ– વલસાડ નગરપાલિકાના વર્ગ–૪, ના કાયમી પટાવાળા શ્રી ભરત ડી.ચૌહાણ વિગેરેને દર બે વર્ષે ટેરીકોટન ગણવેશ જોડી નંગ–૨(બે) આપવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના વર્ગ–૪, ના કાયમી પટાવાળા શ્રી ભરત ડી.ચૌહાણ વિગેરેને દર બે વર્ષે ટેરીકોટન ગણવેશ જોડી નંગ–૨(બે) આપવા અંગે ની માંગણી કરેલ છે.

અરજદાર કર્મચારીઓને છેલ્લે સને–૨૦૧૬ માં તા.: ૨૬–૯–૨૦૧૬ ના રોજ આપવામાં આવેલ છે. જેથી હાલે બે વર્ષ પૂર્ણ થતાં હોય, ચાલુ વર્ષે તેઓને ટેરીકોટન ગણવેશ આપવાપાત્ર થતાં હોય, વલસાડ નગરપાલિકા ઓફીસ સ્ટાફના કાયમી પટાવાળાઓને ચાલુ વર્ષે ટેરીકોટન ગણવેશ જોડી નંગ–૨(બે), આપવા અંગેના સ્થાનિક બજારમાંથી ટેરીકોટન કાપડ અને સીલાઈ સાથેના ત્રણ ભાવો મંગાવી, ગણવેશ આપવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. – ૨૩૮ / તા.: ૧૫ –૧૦ –૨૦૧૮.

---

કામ નં.–૨૫.

વિષયઃ– વલસાડ નગર સેવા સદનના " શ્રી  અટલ બિહારી  વાજપાઈ " સભાખંડમાં  લાઉડ સ્પીકરની વ્યવસ્થા કરવા અંગેના આવેલ ભાવો મંજુર કરવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગર સેવા સદનના " શ્રી અટલ બિહારી વાજપાઈ " સભાખંડમાં નગરપાલિકાની સામાન્ય સભાઓ તેમજ સરકારશ્રીના અનેક વિવિધ કાર્યક્રમો કરવામાં આવે છે. જેમાં નગરપાલિકાના ચુંટાયેલા સભ્યશ્રીઓ માટે ખુરશી ટેબલો ગોઠવવવામાં આવેલ છે. જેમાં લાઉડ સ્પીકરની કાયમી વ્યવસ્થા કરવી જરૂરી છ. જેના માટે સ્થાનિક એજન્સીઓ પાસેથી ભાવો મંગાવેલ છે. જેનું તુલનાત્મક પત્રક જોતાં, એકંદરે એ.એન.સર્વિસીસ, ખેરગામ રોડ, વલસાડના સૌથી ઓછા આવેલ છે. જે તુલનાત્મક પત્રકમાં જણાવેલ સૌથી ઓછા આવેલ ભાવો મંજુર કરી, મંજુર કરેલ ભાવો મુજબ તેમની પાસે સદરહુ ઉપરોકત કામગીરી કરાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. – ૨૩૯ / તા.: ૧૫ –૧૦ –૨૦૧૮.

---

કામ નં.–૨૬.

વિષયઃ– ના. સરકારશ્રી ધ્વારા વલસાડ નગરપાલિકાને જે તે પ્રકારની યોજનામાં ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે. સદરહું ફાળવણી કરવામાં આવેલ ગ્રાન્ટમાં રકમની બચત થાય છે. જેમાંથી વિકાસના કામો નકકી કરવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ના. સરકારશ્રી ધ્વારા વલસાડ નગરપાલિકાને જે તે પ્રકારની યોજનામાં ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે. સદરહું ફાળવણી કરવામાં આવેલ ગ્રાન્ટમાં રકમની બચત થાય છે. જે જરૂરી બચત રકમ અંગે જે તે યોજનામાં સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ બાકી ગ્રાન્ટ અંગે નવા કામો નકકી કરવાનું જણાવેલ છે. જે હકીકતોથી વિદિત થતાં નગરપાલિકા હદ વિસ્તારમાં , UDP-88, 2015-16, તેમજ UDP-88, 2017-18, હેઠળ બચત રકમમાંથી નીચે જણાવેલ વિકાસના કામો નકકી કરી કામગીરી કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ. નં. | કામનું નામ. |
|---|---|
| ૧ | માસ્તર રોડ થી સતીમાતા મંદીર થઈ ઔરંગા નદી સુધી, જુનું સતી નાકા થી બંદરરોડ ચારરસ્તા પાણીની ટાંકી સુધી ડામર રસ્તો વિગેરે |
| ૨ | એલ.આઈ.સી. ઓફીસથી મેડીકેર હોસ્પીટલ, જુની કસ્ટમ ઓફીસથી ર્ડાકટર હાઉસ સુધી ડામર રસ્તો. |

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. – ૨૪૦ / તા.: ૧૫ –૧૦ –૨૦૧૮.

---

<u>કામ નં.–૨૭.</u>

<u>વિષયઃ–</u> વસંત હાર્ડવેર એન્ડ જનરલ સ્ટોર્સ, વલસાડ નું આર.સી. સી. ફેનસીંગ પોલ, કાટાતાર વિગેરેની ખરીદીનું બીલ રૂા. ૧૫૨૮૫– મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાની પારડી સાંઢપોરની STP ના પ્લાન્ટ ઉપર નવા પ્લાન્ટની સીવીલ વર્કની કામગીરી ચાલુ હોય, નગરપાલિકા હદ વિસ્તારમાંથી ઉપાડવામાં આવતો કચરો ટ્રેકટર મારફતે પારડી સાંઢપોર ખાતે વહન કરવામાં આવતો હોય છે. સદરહુ પ્લાન્ટ ઉપર સીવીલ વર્કની કામગીરી ચાલુ હોવાથી શહેરમાંથી ઉપાડવામાં આવતો કચરો પ્લાન્ટ ઉપર લઈ જવા માટે ખુબજ તકલીફ ઉપસ્થિત થઈ રહેલ હતી. સદરહુ મુશ્કેલીને નિવારવા માટે ડાયવર્ઝન આપી કામચલાઉ નવો રસ્તો બાજુની વાડીમાંથી બનાવવાની જરૂરીયાત હોય, સદરહુ કામ ચલાઉ રસ્તો બનાવવામાં આવે તો શહેરમાંથી ભેગો થતો કચરો પારડી સાંઢપોરના પ્લાન ઉપર વહન કરી શકાય તે માટે નવો રસ્તો બનાવવા માટે RCC ફેનસીંગ પોલ નંગ–૩૦, નટબોલ નંગ–૧૮૦, તેમજ કાંટાતાર બંડલ નંગ–૧ ની ખરીદી કરવાની જરૂરીયાત હોય, વલસાડના સ્થાનીક વસંત હાર્ડવેર એન્ડ જનરલ સ્ટોર્સ, વલસાડ પાસેથી RCC ફેનસીંગ પોલ નંગ–૩૦, નટબોલ નંગ–૧૮૦, તેમજ કાંટાતાર બંડલ નંગ–૧ ની ખરીદી કરેલ છે. સદરહું કામગીરી કરાવવી ખુબજ અત્યંત અને જરૂરી હોય,સદરહુ કરાવેલ કામગીરીને બહાલ રાખી, કરાવેલ કામગીરીનો ખર્ચ મંજુર કરી આવેલ બીલ રૂા. ૧૫૨૮૫– અંકે રૂા. પંદર હજાર, બસો પંચ્યાસી પુરાનું ચુકવણું કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. – ૨૪૧ / તા.: ૧૫ –૧૦ –૨૦૧૮.

---

<u>કામ નં.–૨૮.</u>

<u>વિષયઃ–</u> શ્રી મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિ, તેમજ શ્રી ગણેશ વિર્સજન તથા તાજીયા વિગેરે કાર્યક્રમની કામગીરીના આવેલ બીલો રૂા. ૯૬૭૫–, રૂા.૧૨,૧૧૧–, રૂા.૧૩,૭૬૮–, રૂા.૧૬૭૨૦–, રૂા.૧૦,૦૦૦–, રૂા.૧૩,૮૨૦–, મંજુર કરવા બાબત.

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, કા.સ.ઠ.નં. ૨૨૦/ તા.: ૧૪–૭–૨૦૧૭ થી મંજુર થયા મુજબ, શ્રી મહાત્મા ગાંધી જન્મ જયંતિ નિમિત્તે એસ.ટી.ડેપો વલસાડ ખાતે મંત્રીશ્રીના વરદ હસ્તે સફાઈ કાર્યક્રમ માટે તેમજ શ્રી ગણેશ વિર્સજન તથા તાજીયા વિગેરે જુદા જુદા કાર્યક્રમમાં કરાવવામાં આવેલ જુદી જુદી કામગીરી અંગેના બીલો રૂા.૯,૬૭૫–, રૂા.૧૨,૧૧૧–, રૂા.૧૩,૭૬૮–, રૂા.૧૬૭૨૦–, રૂા.૧૦,૦૦૦–, રૂા.૧૩,૮૨૦–, ચુકવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. – ૨૪૨ / તા.: ૧૫ –૧૦ –૨૦૧૮.

---

<u>કામ નં.–૨૯.</u>

<u>વિષયઃ–</u> માન. પ્રધાનમંત્રીશ્રીના વલસાડ ખાતે આગમન વખતે શહેર શૃંગારવા માટે સ્ટેડીયમ રોડથી ધરમપુર ચોકડી વચ્ચે ડીવાઈડર ઉપર અમુક સ્થળે સીરીઝની લાઈટ લગાવવાની કામગીરીનું બીલ રૂા. ૭૩,૨૩૮– મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, કા.સ.ઠ.નં. ૨૨૦ / તા.: ૧૪–૭–૨૦૧૭ થી મંજુર થયા મુજબ તા.: ૨૩–૦૮–૨૦૧૮ ના રોજ માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વલસાડ ખાતે આગમન વખતે શહેર શૃંગારવા માટે સ્ટેડીયમ રોડથી ધરમપુર ચોકડી વચ્ચે ડીવાઈડર ઉપર અમુક સ્થળે સીરીઝની લાઈટ લગાડેલ. હોય, સદર કામગીરી રામગીર ડેકોરેટર્સ, વલસાડ પાસે કરાવવામાં આવેલ સદર કામગીરીનું આવેલ બીલ રૂા. ૭૩,૨૩૮/– અંકે રૂા. તોતેર હજાર, બસો આડત્રીસ પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. – ૨૪૩ / તા.: ૧૫ –૧૦ –૨૦૧૮.

---

<u>કામ નં.–૩૦.</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકા ધ્વારા શ્રી ગણેશ વિસર્જન માટે વાંકી નદી ઉપર કરેલ બેરેકેટીગ વ્યવસ્થાની કામગીરીનું બીલ રૂા. ૧,૪૪,૫૧૪– મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, કા.સ.ઠ.નં. ૨૨૦ / તા.: ૧૪–૭–૨૦૧૭ થી મંજુર થયા મુજબ શ્રી ગણેશ વિસર્જન માટે વાંકી નદી ઉપર કરેલ બેરેકેટીગ વ્યવસ્થા કરવામાં આવેલ, સદર કામગીરી રામગીર ડેકોરેટર્સ, વલસાડ પાસે કરાવવામાં આવેલ. જે અંગેનું આવેલ બીલ રૂા. ૧,૪૪,૫૧૪/– અંકે રૂા. એક લાખ, ચુમ્માલીસ હજાર, પાંચસો ચૌદ પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. – ૨૪૪ / તા.: ૧૫ –૧૦ –૨૦૧૮.

---

<u>કામ નં.–૩૧.</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકા ધ્વારા શ્રી ગણેશ વિસર્જન માટે ઔરંગા નદી ઉપર કરેલ વિવિધ કામગીરીનું બીલ રૂા. ૨,૨૯,૩૧૩– મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, કા.સ.ઠ.નં. ૨૨૦ / તા.: ૧૪–૭–૨૦૧૭ થી મંજુર થયા મુજબ શ્રી ગણેશ વિસર્જન વખતે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ઔરંગા નદી ઉપર કરેલ વિવિધ કામો કરવામાં આવેલ. સદર કામગીરી રામગીર ડેકોરેટર્સ, વલસાડ પાસે કરાવવામાં આવેલ. જે અંગેનું આવેલ બીલ રૂા.૨,૨૯,૩૧૩/– અંકે રૂા.બે લાખ,ઓગણત્રીસ હજાર,ત્રણસો તેર પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. – ૨૪૫ / તા.: ૧૫ –૧૦ –૨૦૧૮.

---

કામ નં.–૩૨.

વિષયઃ– શ્રી મહાત્મા ગાંધી જન્મ જયંતિ ઉજવણી નિમિત્તે મહાત્મા ગાંધી લાઈબ્રેરી ઉપર મંત્રીશ્રીના વરદ હસ્તે યોજાયેલ કાર્યક્રમમાં મંડપ ખુરશી, ફલોરીગ વિગેરે વ્યવસ્થા કામગીરીનું બીલ રૂા. ૪૨,૭૫૦– મંજુર કરવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, કા.સ.ઠ.નં. ૨૨૦ / તા.: ૧૪–૭–૨૦૧૭ થી મંજુર થયા મુજબ શ્રી મહાત્મા ગાંધી જન્મ જયંતિ ઉજવણી નિમિત્તે શ્રી મહાત્મા ગાંધી લાઈબ્રેરી ઉપર મંત્રીશ્રીના વરદ હસ્તે યોજાયેલ કાર્યક્રમ અંતર્ગત જરૂરી મંડપ, ખુરશી, ફલોરીગ વિગેરે વ્યવસ્થા કરવામાં આવેલ. સદર કામગીરી રામગીર ડેકોરેટર્સ, વલસાડ પાસે કરાવવામાં આવેલ. જે અંગેનું આવેલ બીલ રૂા.૪૨,૭૫૦/– અંકે રૂા. બેતાલીસ હજાર, સાતસો પચાસ પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

| અધ્યક્ષ સ્થાનેથી રજુ થતાં અન્ય બીજા વધારાનાં કામો. |
| --- |

કા.સ.ઠ.નં. – ૨૪૬ / તા.: ૧૫ –૧૦ –૨૦૧૮.

---

<u>વ. કા.નં.–૧</u>

<u>વિષયઃ–</u> વ.ન.પા. માલીકીની શતાબ્દી માર્કેટમાં આવેલ દુકાન નં.–૧૩,માં કબજેદાર તરીકે અબ્દુલહમીદ મોહંમદભાઈ ભીંડાના નામે ચાલી આવેલ છે. જેઓનું તા.:૯–૫–૨૦૦૩ નાં રોજ અવસાન થતાં વારસાઈરૂએ એમના ધર્મપત્ની મહેરૂન્નીસા અબ્દુલહમીદ ભીંડાનું નામ કબજેદાર તરીકે દાખલ કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u> વલસાડ નગરપાલિકાની માલીકીની શતાબ્દી માર્કેટમાં આવેલ દુકાન નં.૧૩માં કબજેદાર તરીકે અબ્દુલહમીદ મોહંમદભાઈ ભીંડાના નામે ચાલી આવેલ છે. જેઓનું તા.:૦૯ –૦૫–૨૦૦૩ નાં રોજ અવસાન થયેલ છે તેઓના સીધીલીટીના વારસદાર તેમના ધર્મપત્ની મહેરૂન્નીસા અબ્દુલહમીદ ભીંડાની આવેલ અરજી તેમજ તેમના પતિનો મરણનો દાખલો તેમજ ભાડાની રસીદ, આધારકાર્ડની નકલ રજુ કરેલ છે.જેથી તેઓની અરજી અનુસાર નગરપાલિકા દફતરે શ્રી અબ્દુલહમીદ મોહંમદભાઈ ભીંડાનુ નામ કમી કરી તેમના સીધી લીટીના વારસદાર ધર્મપત્ની મહેરૂન્નીસા અબ્દુલહમીદ ભીંડાનું નામ દફતરે દાખલ કરવા અંગેની જરૂરી આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવાનું મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર.

કા.સ.ઠ.નં. – ૨૪૭ / તા.: ૧૫ –૧૦ –૨૦૧૮.

---

<u>વ. કા.નં.–૨</u>

<u>વિષયઃ–</u> વ.ન.પા.ની માલીકીની નેતાજી સુભાષચંદ્ર બોઝ શોપીંગ સેન્ટરમાં ગ્રાઉન્ડ ફલોરમાં આવેલ દુકાન નં. ૧૪/ બ જે કબજેદાર તરીકે વલ્લભભાઈ જીવણભાઈ પ્રજાપતી ના નામે ચાલી આવેલ છે. જેઓનું તા.:૧૦–૨–૨૦૧૩ ના રોજ અવસાન થયેલ છે. એમના ધર્મપત્ની અંબાબેન વલ્લભભાઈ પ્રજાપતિનું પણ તા.:૨૮–૫–૨૦૦૮ ના રોજ અવસાન થયેલ છે. વારસાઈ રૂએ તેમના પુત્ર જીતેન્દ્રભાઈ વલ્લભભાઈ પ્રજાપતિનું નામ કબજેદાર તરીકે દાખલ કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.ઃ–</u>

વલસાડ નગરપાલિકાની માલીકીની નેતાજી સુભાષચંદ્ર બોઝ શોપીંગ સેન્ટરમાં ગ્રાઉન્ડ ફલોરમાં આવેલ દુકાન નં.૧૪ / બ ,માં કબજેદાર તરીકે વલ્લભભાઈ જીવણભાઈ પ્રજાપતીના નામે ચાલી આવેલ છે. જેઓનું તા.:૧૦ –૦૨–૨૦૧૩ નાં રોજ અને એમના ધર્મપત્ની અંબાબેન વલ્લભભાઈ પ્રજાપતીનું પણ તા.: ૨૮–૦૫–૨૦૦૮ ના રોજ અવસાન થવાથી તેમના પુત્ર અરજદારશ્રી જીતેન્દ્ર વલ્લભભાઈ પ્રજાપતીએ

રજુ કરેલ અરજી , એફીડેવીટ, પેઢીનામુ, તેમજ બાકીના તમામ વારસદારોએ સ્ટાંપ પેપર ઉપર અરજદારની તરફેણમાં કરી આપેલ સંમતિ પત્રના આધારે, સદરહુ દુકાન નં.–૧૪/ બ, માંથી વલ્લભભાઈ જીવણભાઈ પ્રજાપતીનું નામ કમી કરી, વારસાઈરૂએ તેમના પુત્ર જીતેન્દ્રભાઈ વલ્લભભાઈ પ્રજાપતીનું નામ કબજેદાર તરીકે દફતરે દાખલ કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર.

કા.સ.ઠ.નં. – ૨૪૮ / તા.: ૧૫ –૧૦ –૨૦૧૮.

---

<u>વ. કા.નં.–૩</u>

<u>વિષયઃ–</u> તા.: ૨૪–૭–૨૦ ૧૮ ના વલસાડ નગરપાલિકાની જનરલ બોર્ડની મીટીંગ મળેલ જે મીટીંગની વિડીયોગ્રાફી કરાવેલ. જેનું આવેલ બીલ રૂા. ૧૪,૦૦૦/– મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, તા.: ૨૪–૭–૨૦ ૧૮ ના વલસાડ નગરપાલિકાની જનરલ બોર્ડની મીટીંગ વલસાડ નગરપાલીકાના અટલ બિહારી વાજપાઈ સભાખંડમાં મળેલ. જે મીટીંગની વિડીયોગ્રાફીની કામગીરી પલક ફોટો સ્ટુડીયો, શાકભાજી મારકેટ, વલસાડ પાસે કરાવેલ હોય જે વિડીયોગ્રાફીને લગતા તમામ ઈલેકટ્રીક સાધનો અંગેનું આવેલ બીલ નંબર.: A/૮૨, તા.: ૦૮–૦૮–૨૦૧૮ ના રૂા. ૧૪,૦૦૦/– અંકે રૂા. ચૌદ હજાર પુરાનુ ચુકવણું કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. – ૨૪૯ / તા.: ૧૫ –૧૦ –૨૦૧૮.

---

<u>વ. કા.નં.–૪</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકા ધ્વારા જુદી જુદી કામગીરી જેવી કે, માન. પ્રધાનમંત્રીશ્રી, વલસાડના જુજવા ખાતે પધારેલ.જેમના સ્વાગત માટેના ફલેક્ષ બેનર વિગેરે તથા ત્રિરંગા યાત્રા માટેના બેકડ્રોપ બેનર, સંકલ્પ પત્ર, પ્લે કાર્ડ વિગેરે કામગીરી હેપ્પી ઝેરોક્ષ,વલસાડ પાસે કરાવેલ. જે અંગેના આવેલ બીલો રૂા. ૧૮૯૮૦–, રૂા.૧૭,૦૦૦–, રૂા.૧૭,૬૦૦–, રૂા.૧૭૦૦૦–, રૂા.૧૭,૦૦૦–, મંજુર કરવા બાબત.

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા ધ્વારા જુદી જુદી કામગીરી જેવી કે, માન. પ્રધાનમંત્રીશ્રી, વલસાડના જુજવા ખાતે પધારેલ.જેમના સ્વાગત માટેના ફલેક્ષ બેનર વિગેરે તથા ત્રિરંગા યાત્રા માટેના બેકડ્રોપ બેનર, સંકલ્પ પત્ર, પ્લે કાર્ડ વિગેરે કામગીરી હેપ્પી ઝેરોક્ષ,વલસાડ પાસે કરાવેલ. જે અંગેના આવેલ જુદા જુદા બીલો રૂા. ૧૮૯૮૦–, રૂા.૧૭,૦૦૦–, રૂા.૧૭,૬૦૦–, રૂા.૧૭૦૦૦–, રૂા.૧૭,૦૦૦–, ચુકવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. ૨૫૦ / તા.: ૧૫ –૧૦ –૨૦૧૮.

————————————————————————————————————————

<u>વ. કા.નં.–૫</u>

<u>વિષયઃ–</u> અમૃત યોજના હેઠળ SAAP ૨૦૧૭–૨૦ ની ગ્રાન્ટ અન્વયે અર્બન ટ્રાન્સપોર્ટ સેકટર હેઠળ નગરપાલિકાના પાર્કિંગ પ્લોટમાં મલ્ટીલેવલ પાર્કિંગ બનાવવા અંગેનો DPR મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

ન ામદાર સરકારશ્રીની અમૃત યોજના હેઠળ SAAP ૨૦૧૭–૨૦ માં ફાળવવામાં આવેલરૂા. ૨.૦૦ કરોડની ગ્રાન્ટ ( પ્રોજકેટ કોડ : GUJ- VAL- 009 ) ફાળવવામાં આવેલ. સદરહુ ગ્રાન્ટ અન્વયે સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ અર્બન ટ્રાન્સપોર્ટેશન સેકટર હેઠળ નગરપાલિકાના પાર્કિંગ પ્લોટમાં મલ્ટીલેવલ પાર્કિંગ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. તો સદરહુ કામનો DPR મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. –૨૫૧ / તા.: ૧૫ –૧૦ –૨૦૧૮.

---

<u>વ. કા.નં.–૬</u>

<u>વિષયઃ–</u> હોસ્પીટલ કમીટી ઠરાવ નં.–૭ / તા.: ૧૮–૯–૨૦૧૮ ની ભલામણ મુજબ,હોસ્પીટલનાં કપડાં ધુલાઈનો ભાવ વધારા બાબતે ધોબીની આવેલ અરજી બાબતે નિર્ણય કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

હોસ્પીટલ કમીટી ઠરાવ નં.–૭ / તા.: ૧૮–૯–૨૦૧૮ ની ભલામણ મુજબ, મ્યુની. હોસ્પીટલમાં કપડાં ધુલાઈનું કામ કરતાં ધોબીની આવેલ અરજી બાબતે જેઓ ઘણાં વર્ષોથી હોસ્પીટલનાં કપડાં ધુલાઈનું કામ કરતાં આવેલ છે. તેમની માંગણી મુજબ સાબુ – ડીટરજન્ટ વિગેરે મોંઘા થયેલ હોય ભાવ વધારો માંગેલ છે. હાલનાં ચારસા ધુલાઈનાં રૂા. ૧૦/– અંકે રૂા. દશ તેના રૂા. ૧૩/– ( તેર) તેમજ અન્ય કપડાં રૂા.૫/–(પાંચ) હોય તેનાં રૂા. ૭/–( સાત) નો વધારો માંગેલ છે. જે ભાવ ઘણોજ નજીવો ઓછો અને સ્થાનિક બજાર કરતાં ઓછો હોય ,હોસ્પીટલ કમીટીમાં ઠરાવ્યા મુજબનો ઉપરોકત આવેલ ભાવવધારો મંજુર કરી આગળની જરૂરી કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. – ૨૫૨ / તા.: ૧૫ –૧૦ –૨૦૧૮.

---

<u>વ. કા.નં.–૭</u>

<u>વિષય:–</u> હોસ્પીટલ કમીટી ઠરાવ નં.–૯ / તા.: ૧૮–૯–૨૦૧૮ ની ભલામણ મુજબ, મ્યુની. હોસ્પીટલનાં નવા બીલ્ડીગમાં આવેલ ઈમરજન્સી વોર્ડમાં વોશરૂમ ( ટોયલેટ) બનાવવા બાબત..

<u>ઠરાવ.:–</u>

હોસ્પીટલ કમીટી ઠરાવ નં.–૭ / તા.: ૧૮–૯–૨૦૧૮ ની ભલામણ મુજબ, મ્યુની. હોસ્પીટલમાં બીલ્ડીગમાં આવેલ ઈમરજન્સી વોર્ડમાં ટોયલેટ નથી તેથી આ વોર્ડમાં દાખલ થતાં દર્દીઓ માટે કોઈપણ જાતની વ્યવસ્થા નથી તેથી દર્દીઓને ઘણીજ તકલીફ પડે છે. તેથી ઈમરજન્સી વોર્ડમાં જગ્યા ફાળવીને વોશરૂમ ( ટોયલેટ) બનાવવામાં આવે તો દર્દીઓને તેમજ સગાવહાલાંઓને ઘણીજ સુગમતા રહે છે. જે ઘ્યાનમાં રાખી, હોસ્પીટલ કમીટીમાં ઠરાવ્યા મુજબ ઈમરજન્સી વોર્ડમાં વોશરૂમ ( ટોયલેટ ) બનાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. –૨૫૩ / તા.: ૧૫ –૧૦ –૨૦૧૮.

---

<u>વ. કા.નં.–૮</u>

<u>વિષયઃ–</u> હોસ્પીટલ કમીટી ઠરાવ નં.–૧ / તા.: ૧૮–૯–૨૦૧૮ ની ભલામણ મુજબ મ્યુની.હોસ્પીટલ ફરજ બજાવતાં મેડીકલ ઓફીસર શ્રી ડાૅ. દિવ્યારાણી એસ. પટેલનો વધુ અગીયાર(૧૧) માસનો કરાર રીન્યુ કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

હોસ્પીટલ કમીટી ઠરાવ નં.–૧ / તા.: ૧૮–૯–૨૦૧૮ ની ભલામણ મુજબ મ્યુની.હોસ્પીટલમાં ફરજ બજાવતાં મેડીકલ ઓફીસર શ્રી ડાૅ. દિવ્યારાણી એસ. પટેલને ૧૧ ( અગીયાર ) માસની મુદત માટે મેડીકલ ઓફીસર તરીકે નિમણુંક કરવામાં આવી હતી. જેની મુદતનો કરાર તા.: ૧૧–૧૦–૨૦૧૮ ના રોજ પુરો થાય છે. ડાૅ. દિવ્યારાણી એસ. પટેલની આવેલ અરજી મુજબ તેઓ ફરીથી હોસ્પીટલમાં સેવા આપવા માટે કરાર આધારીત નિમણુંક રીન્યુ કરવા અરજ કરેલ છે. જેથી હોસ્પીટલનાં ડાૅકટરોની શીડયુલ મુજબ હોસ્પીટલની સેવાઓ ખોરવાય નહી તે જોતાં અને હકીકતોને ધ્યાને લઈને, ડાૅકટર દિવ્યારાણી એસ. પટેલને વધુ ૧૧ ( અગીયાર ) માસ માટે ફરીથી કરાર આધારીત અગાઉ કરેલ નિમણુંકની જણાવેલ મુળ શરતોને આધીન કરાર રીન્યુ કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. – ૨૫૪/ તા.: ૧૫ –૧૦ –૨૦૧૮.

---

વ. કા.નં.–૯

વિષયઃ– હોસ્પીટલ કમીટી ઠરાવ નં.–૮ / તા.: ૧૮–૯–૨૦૧૮ ની ભલામણ મુજબ,હોસ્પીટલનાં મહેકમ પત્રકે મંજુર થયેલ સર્જન, ગાયનેક, મે.ઓફીસર, સ્ટાફ નર્શ, વોર્ડબોય, સ્વીપર તેમજ આયાબેનની ખાલી પડેલ જગ્યા ભરવાં માટે દરખાસ્ત મંજુર કરવા બાબત..

ઠરાવ.:–

હોસ્પીટલ કમીટી ઠરાવ નં.–૮ / તા.: ૧૮–૯–૨૦૧૮ ની ભલામણ મુજબ, નવા બીલ્ડીગમાં હોસ્પીટલ કાર્યરત થતાં અને દર્દીઓ માટે ઉપલબ્ધ સેવાઓ શરૂ થતાં દર્દીઓનાં ઓપીડી અને ઈનડોર વિભાગમાં ઉતરોઉત્તર વધારો ( ધસારો । થાય છે. તેથી હોસ્પીટલનો હાલનો સ્ટાફ જોતાં ઘણોજ ઓછો હોય દરેક કામમાં પહોંચી વળાતો નથી આ સંજોગોને ઘ્યાને લઈ હોસ્પીટલમાં ર્ડાકટર્સ , પેરા મેડીકલ સ્ટાફ તેમજ વર્ગ– ૩, વર્ગ–૪ નાં કર્મચારીઓની સંખ્યા ઓછી હોય તેમજ ખાલી પડેલ જગ્યાઓ ભરવા માટે નિયામક, નગરપાલિકાઓ ગુજરાત રાજય તા.: ૦૯–૦૧–૨૦૦૯ નાં આદેશ મુજબ ખાલી પડેલ જગ્યાઓમાં ર્ડાકટસ, પેરામેડીકલ તથા નર્સીગ સ્ટાફ ની જગ્યાઓ ભરવા માટે મંજુરી મેળવવાની રહેતી નથી. આ સિવાય હોસ્પીટલનાં અન્ય સ્ટાફ ની ખાલી જગ્યાઓ ભરવાની જરૂરીયાત ઉપસ્થીત થાય તો સરકારશ્રીની પૂર્વ મંજુરી મેળવ્યા બાદ જ જગ્યાઓ ભરવી . જે ઘ્યાનમાં લઈ હોસ્પીટલનાં મહેકમ પત્રકે મંજુર થયેલ સર્જન, ગાયનેક, મે.ઓફીસર, સ્ટાફ નર્શ, વોર્ડબોય, સ્વીપર તેમજ આયાબેનની ખાલી પડેલ જગ્યા ભરવાં માટેની જરૂરી દરખાસ્ત સાદર કરવા અંગેની જરૂરી કાર્યવાહી કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. – ૨૫૫ / તા.: ૧૫ –૧૦ –૨૦૧૮.

---

<u>વ. કા.નં.–૧૦</u>

<u>વિષયઃ–</u> હોસ્પીટલ કમીટી ઠરાવ નં.–૧૦ / તા.: ૧૮–૯–૨૦૧૮ ની ભલામણ મુજબ, મ્યુની. હોસ્પીટલમાં આવેલ

એમ્બ્યુલન્સ માટે ડ્રાયવર અને કલીનરની ખાલી પડેલ જગ્યાઓ ભરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

હોસ્પીટલ કમીટી ઠરાવ નં.–૧૦ / તા.: ૧૮–૯–૨૦૧૮ ની ભલામણ મુજબ, મ્યુની. હોસ્પીટલમાં આવેલ એમ્બ્યુલન્સ માટે હાલ એકજ ડ્રાયવર હોય ૨૪ કલાકમાં એમ્બ્યુલન્સ ચલાવવું અશકય છે. દરેક ડ્રાયવરોને ૧૨ કલાક ડયુટી આપવામાં આવે તો હોસ્પીટલની એમ્બ્યુલન્સ ચલાવવામાં સરળતા રહે તો હાલમાં ડ્રાયવરની –૧ જગ્યા અને કલીનરની –બે જગ્યાઓ ખાલી હોય એમ્બ્યુલન્સ માટે વહીવટ ખોરવાય છે. અને જાહેર જનતાને પણ અગવડ પડે છે. તો ડ્રાયવર–૧ અને એમ્બ્યુલન્સ કલીનરની –૨ની જગ્યાઓ ભરવા માટેની કાર્યવાહી કરવા અંગે જરૂરી નિર્ણય કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. –  ૨૫૬ / તા.: ૧૫ –૧૦ –૨૦૧૮.

---

<u>વ. કા.નં.–૧૧</u>

<u>વિષયઃ–</u> હોસ્પીટલ કમીટી ઠરાવ નં.–૧૧ / તા.: ૧૮–૯–૨૦૧૮ ની ભલામણ મુજબ, મ્યુની. હોસ્પીટલનાં કંપાઉન્ડમાં  ડેડબોડી  રાખવા માટે કોલ્ડ સ્ટોરેજ બનાવવા  બાબત..

<u>ઠરાવ.:–</u>

હોસ્પીટલ કમીટી ઠરાવ નં.–૧૧ / તા.: ૧૮–૯–૨૦૧૮ ની ભલામણ મુજબ, મ્યુની. હોસ્પીટલનાં કંપાઉન્ડમાં  પી.એમ. રૂમની બાજુમાં  આવેલ જગ્યા પર શહેરમાંથી આવતી  ડેડબોડી તેમજ બિનવારસી ડેડબોડીની જાળવણી માટે ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભુ કરીને કોલ્ડ સ્ટોરેજ બનાવવાની ભલામણ કરેલ છે. શહેરનાં હિતને ધ્યાનમાં રાખીને હોસ્પીટલમાં આવેલ જગ્યા પર કોલ્ડસ્ટોરેજ બનાવવા અંગેનું આવેલ કામે જરૂરી નિર્ણય કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. – ૨૫૭ / તા.: ૧૫ –૧૦ –૨૦૧૮.

---

વ. કા.નં.–૧૨

વિષયઃ–વલસાડ નગરપાલીકાની માલીકીના શોપીંગ સેન્ટરો / માર્કેટની દુકાનો / સ્ટોલો / પ્રિમાઈસીસના કબજા

હક ધરાવતા ભાડુઆતો / કબજેદારો નામફેર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

વલસાડ નગરપાલિકાની માલીકીની શોપીંગ સેન્ટર / માર્કેટની દુકાનો ઓફીસ પ્રિમાઈસીસનાં કબજા હકક નામ ટ્રાન્સફર ફીમાં ધણા સમયથી વધારો કરવામાં આવેલ નથી. અને અંદાજે દશ વર્ષથી વધુ સમય ગાળામાં કોઈ વધારો કરવામાં આવેલ નથી. જેથી નગરપાલિકા વધુ આવક મેળવી શકેલ નથી. હાલના સંજોગો જોતા અને શહેરના વિકાસને ધ્યાનમાં લઈ અગાઉના જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૧૪૦ / તા.: ૨૧–૦૭–૨૦૦૮ થી કરેલ નામ ટ્રાન્સફર ફીમાં નીચે જણાવ્યા પ્રમાણે નામ ટ્રાન્સફર ફીમાં સુચીત વધારો કરવા અંગે જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

વલસાડ નગરપાલિકાના શોપીંગ સેન્ટરો અને મારકેટોની વિગત.

| અ.નં. | શોપીંગ સેન્ટર / મારકેટનું નામ. | રૂા. હાલમાં | રૂા. સુચીત વધારો |
|---|---|---|---|
| ૧ | ડી.એન. શોપીંગ સેન્ટર બન્ને સાઈડે | ૫૦,૦૦૦/– | ૧,૦૦,૦૦૦/– |
| ૨ | એન.એસ.બી. શો.સે. રોડ સાઈડે | ૫૦,૦૦૦/– | ૧,૦૦,૦૦૦/– |
| ૩ | નવી વેજીટેબલ મારકેટ સેન્ટ્રલ બેન્ક નીચે | ૫૦,૦૦૦/– | ૧,૦૦,૦૦૦/– |
| ૪ | જુની વેજીટેલ મારકેટ રોડ સાઈડ મોકાની | ૫૦,૦૦૦/– | ૧,૦૦,૦૦૦/– |
| ૫ | સરદાર મેમોરીયલ મારકેટ | ૫૦,૦૦૦/– | ૧,૦૦,૦૦૦/– |
| ૬ | રંગ ઉપવન શોપીગ સેન્ટર રોડ સાઈડે | ૫૦,૦૦૦/– | ૧,૦૦,૦૦૦/– |
| ૭ | ઈન્દીરા ગાંધી શો. સે. રોડ સાઈડે | ૩૫,૦૦૦/– | ૭૦,૦૦૦/– |
| ૮ | જવાહરલાલ નહેરૂ શો.સે.રોડ સાઈડે | ૩૫,૦૦૦/– | ૭૦,૦૦૦/– |
| ૯ | શતાબ્દી મારકેટ રોડ સાઈડે | ૩૫,૦૦૦/– | ૭૦,૦૦૦/– |
| ૧૦ | મોરારજી દેસાઈ શોપીગ સેન્ટર | ૩૫,૦૦૦/– | ૭૦,૦૦૦/– |

| | | | |
|---|---|---|---|
| ૧૧ | સેજલ ગેસની ઉત્તરે | ૩૫,૦૦૦/– | ૭૦,૦૦૦/– |
| ૧૨ | ડૉ. આંબેડકર શોપીગ સેન્ટર | ૩૫,૦૦૦/– | ૭૦,૦૦૦/– |
| ૧૩ | ડી.એન.શો.સે. રોડની અંદર | ૧૫,૦૦૦/– | ૩૦,૦૦૦/– |
| ૧૩ | ડી.એન.શો.સે. રોડની અંદર | ૧૫,૦૦૦/– | ૩૦,૦૦૦/– |
| ૧૪ | મહાત્મા ગાંધી મારકેટ રોડની અંદર | ૧૫,૦૦૦/– | ૩૦,૦૦૦/– |
| ૧૫ | ઈન્દીરા ગાંધી શો. સે. રોડની અંદર | ૧૫,૦૦૦/– | ૩૦,૦૦૦/– |
